Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# 'માણસાઈના દીવા' કૃતિને આધારે

# રવિશંકર મહારાજનું ચરિત્ર ચિત્રણ'

*ડૉ. કાજલબેન બી. બુટાણી

પ્રસ્તાવના:

'માણસાઈના દીવા' વિશે ક્યાં ગુજરાતીને કહેવાની જરૂર પડે? શ્રી ઝવેરચંદ મેઘાણીએ પુસ્તક પરિચયમાં કહેલું, "માનવી એક જટિલ સર્જન છે, ટપાલના સોર્ટરની જેમ આપણે માનવીને પણ બે ખાનાઓમાં વહેચી દઈએ છીએ. સારું અને ખરાબ. રવિશંકર મહારાજે માણસને માણસ તરીકે જોયા છે, એમને આવા ખાનાઓમાં નથી નાખ્યા. કોઈ માણસ નથી સારો કે નથી નરસો, માનવી તો અજબ મિશ્રણનો પિંડ છે. 'માણસાઈના દીવા' કૃત્તિ પણ એક પ્રકારનું માનવતા દર્શન છે પણ પુસ્તકોમાં દર્શાવાતું માનવતા જીવન આપણને ગમે છે; જ્યારે એ જ નિરૂપિત માનવી આપણાં પ્રત્યક્ષ વ્યવહારમાં આપણી સમક્ષ મૂકાય ત્યારે આપણે એને આપણી દુનિયાથી જુદી દુનિયાનો-ઊતરતી અને અસભ્ય, ગમાર અને ત્યાજ્ય દુનિયાનો ગણીએ છીએ. ગુજરાતના મૂકસેવક રવિશંકર મહારાજની કર્મગાથા 'માણસાઈના દીવા' માં આપણને જોવા મળે છે.

લોકોના હૃદય પર જેમની સત્તા ચાલે એવા છે આ મહારાજ. એમનું નામ રવિશંકર વ્યાસ. કદાચ આ નામ અજાણ્યું લાગે પણ એ જ એમનું ખરું નામ છે અને વ્યાસ એ જ એમની સાચી અટક છે. એમનાં લોકહિતના કાર્યોથી, એમની

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

નિઃસ્વાર્થ પ્રવૃતિઓથી લોકોએ જ એમને ‘મહારાજ’ નું બિરુદ આપ્યું છે. આમ, એ ‘મહારાજ’ તરીકે પ્રસિદ્ધ થયા. આ ‘મહારાજ’ એટલે જ ગુજરાતના મૂકસેવક રવિશંકર મહારાજ. લોકો એમને ‘રવિશંકર દાદા’ પણ કહેતા. માનવતાના દીવડામાં ખુદ પોતાની જાતને દીવેટરૂપે પ્રજાળી પ્રકાશ પાથરનારા વિભૂતિ વિરલ હોય છે. એવી જ એક વિરલ વિભૂતિ એટલે રવિશંકર મહારાજ. રવિશંકર મહારાજથી ગુજરાત જેટલું સંપત્તિમાન હતું તેટલું બીજા કશાથી નહોતું.

ટૂંકા ધોતીયા પર કસવાળા કેડિયાવાળી, માથે ટોપી અને ઉઘાડા પગની મહારજની લગભગ બે મીટર ઊંચી તામ્રવર્ણિ કાયાએ ગુજરાતનો ખૂણે ખૂણો ખૂંદી નાખ્યો છે. ગુજરાતનાં લોકજીવનની એની તન્મયતાઓ એ એમને સાચા લોક સેવક બનાવ્યા. ઘણા વર્ષો પહેલા અમદાવાદમાં એક જણાના ઓટલે ઉતારેલા પોતાના નવા જોડા ચોરાય ગયા ત્યારથી એમણે જોડા પહેરવાં છોડી દીધા હતા. શ્રમ, સાદાઈ અને સંયમ એ મહારાજના જીવનના ત્રણ પ્રધાન ગુણો હતા.

**રવિશંકર મહારાજનું વ્યક્તિત્વ:**

રવિશંકર મહારાજનો જન્મ સવંત ૧૯૪૦ ના મહા મહિનાની વદ ચૌદશના દિવસે એટલે કે મહાશિવરાત્રિના રોજ થયો હતો. ઇ.સ. ૧૮૮૪ના ફેબ્રુઆરી મહિનાની ૨૫ તારીખે ખેડા જિલ્લાના રઢું ગામે થયો હતો. રવિશંકર ના પિતાશ્રીનું નામ શિવરામભાઇ અને માતુશ્રીનું નામ નાથીબા હતું.  તેઓ નાનપણમાં ખૂબ તોફાની હતા. માતા પાસે બેસી કિશોર રવિશંકર માતાને રામાયણ, ભાગવત વગેરે

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
સંભળાવે એટલું જ નહીં પણ માતા સાથે ઘર કામ પણ કરાવતા હતા. ધૂળી નિશાળના આચાર્ય એમનાં જ પિતા. એ શિવરામ મહેતાજી વિદ્યાર્થીના અભ્યાસની કચાસ સહી લેતા, પણ સંસ્કારની કચાસ મુદ્દલ નહીં. પિતાજી પાસેથી જીવનમાં સારી ટેવો કેળવવાનું અને માતા પાસેથી ખૂબ ચાવી ચાવીને ખાવાની આરોગ્યની ચાવીનું શિક્ષણ એ બાળપણમાંથી જ પામ્યા હતા. બાળપણથી જ તેઓ સાહસિક સ્વભાવના અને નીડર હતા. દીનદુઃખી પ્રત્યે તેઓને વિશેષ લાગણીવાળું હૈયું બાળપણથી જ મળ્યું હતું. તેઓ ઘરના નાનાંમોટાં કામમાં પહેલાથી જ મદદરૂપ થતાં હતા. ખેતીનું કામ પણ એ નાનપણમાં જ શીખી ગયા હતા અને હોંશભેર એ કામમાં લાગી જતાં હતા. કોઈ પણ કામમાં એમને શરમ, સંકોચ અને નાનપ નહોતી લાગતી. મોટા થયા પછી પણ એમણે કામ કરવાની વૃત્તિ છોડી નહીં. હા, એમના કામની દિશા બદલાઈ.

મહાત્મા ગાંધીના પરિચયમાં આવ્યા પછી એમણે અનેક કામો ઉપાડી લીધાં. એ જે કામ ઉપાડે તેમાં દિલ દઈને જોડાઈને જાય. મહાત્મા ગાંધીએ તો કહેલું પણ ખરું: “બસ, મહારાજની આ જ ખૂબી છે, તેમણે જે કામ સોંપો, તેમાં એ પોતાનો આત્મા રેડી દે છે અને તેથી જ એમનું કામ ઝળકે છે અને તેથી વધુ સારી અસર પડે છે.” ગાંધીજી સાથેના પરિચય પછી એમણે ભારતની આઝાદીની લડતમાં ઝંપલાવ્યું. યજમાનવૃત્તિનો વ્યવસાય છોડી એ રાષ્ટ્રના કામમાં લાગી ગયા. ચરખો ચલાવી ખાદીના વસ્ત્રો પહેરવાં, સાદું ખાવુપીવું અને સાદાઈથી રહેવું એ એમનો જીવનમંત્ર બની ગયો.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

પંદર સોળ વર્ષની વયે ફાટી નીકળેલ પ્લેગની મરકી વખતે મૃત્યુ પામેલાઓને અગ્નિદાહ આપવામાં વ્યસ્ત રહેતા. પિતા પાસે છ ચોપડી ભણ્યા એ જ એમનું ભણતર. પણ માનવસંસર્ગ અને કુદરત પાસેથી એમણે વિપુલ જ્ઞાન મેળવ્યું. મહારાજ છેક નાનપણથી જ નિર્ભય. ભૂત જોવા મધરાતે સ્મશાનમાં જવું, લડતા પાડાને લાકડી વડે છૂટા પાડવા, બહારવાટિયાની શોધમાં એકલા ઘૂમવું એ તો મહારાજને માટે રમત વાત.

## ‘માણસાઈના દીવા’ માં રવિશંકર મહારાજના સંસ્મરણો:

ઝવેરચંદ મેઘાણી- અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં મારો ને મહારાજનો મેળાપ થયો. મારા પર તેમની આંખ અમી ભરી હતી તે તો હું જાણતો હતો. બે એક વાર અમે મળેલા. મહારાજે પોતાના અનુભવો પોતાની જાતે જ કહેવા નહોતા માંડ્યા, એમને પણ મારી જેવો જ સંકોચ થયો હશે કે, આ ’સાક્ષર’ ને ગામઠી વાર્તામાં શો સાર જણાવવાનો છે! પણ મારી પ્રકૃત્તિમાં એક લાભદાયી તત્વ એ છે કે, હું સામેવાળાની વાતોને સાંભળ્યા જ કરવાનો સ્વાદિયો છું; હું એક રસઘોયું શ્રોતા છું. કઈંક પ્રશ્ન પૂછીને મે જ મહારાજને વાતો કરતાં કર્યા અને પછી તો એમ થયું કે એમને અવિરત બોલતા જ રખાય તો કેવી મજા, એવું મને થયા કર્યું, શાથી? એ કારણથી કે પોતે આ ઘટનાઓનું મુખ્ય અને કેન્દ્રસ્થ પાત્ર હોવા છતાં પોતાની જાતને ગૌણપદે રાખીને અન્ય મનુષ્યોના જ ઊર્મિઓ, યાતનાઓ અને પ્રકૃત્તિ-તત્વોનું આલેખન મહારાજ કર્યે જતાં હતા.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

પોતે કહે છે કે, "હું રાજકારણનો માણસ જ નથી. કોંગ્રેસમાં તો હું ગાંધીજી ને લીધે જ આવી પડ્યો છું. જે પુરુષ આખા દેશનું કલ્યાણ કરી રહેલ છે તેમને એ કલ્યાણ કામમાં નમ્ર સહાય કરીએ તો જીવન સાર્થક થાય, એ દ્રષ્ટિએ જ હું જાહેર કામમાં છું."

બાબર દેવાનું ચરિત્ર આ પુસ્તકમાં શા માટે સ્થાન પામી શક્યું, તેવી શંકા કેટલાકને થઈ છે, કારણ તેઓ એવું આપે છે કે, અન્ય તમામ કિસ્સાઓમાં 'માણસાઈના દીવા' પ્રકાશિત થાય છે. જ્યારે બાબર દેવાનો ઈતિહાસ નરી ક્રૂરતા અને અધોગામીતાથી ભરપૂર છે. આવા કારણસર માટે બાબર દેવાના પાત્રને અહીં સ્થાન નહોતું આપવું જોઈતું હતું એવી દલીલ બરાબર નથી. કારણ કે મહારાજ કેવી સમાજસ્થિતિની વચ્ચે બાબર દેવા અને આની સાથે સંબંધ ધરાવતા સંખ્યા બંધ પાત્રોના આલેખન દ્વારા, આપણને મહારાજ જેની સાથે મુકાબલો કરી રહ્યા હતા તે સમગ્ર દુનિયાનો દસ્તાવેજી પરિચય આપણને સાંપડે છે. તેથી અન્ય પ્રસંગચિત્રણોને  જો સાચા અર્થમાં નિહાળવા હોય તો પ્રથમ 'બાબરાદેવા' વાંચીને પછી આલેખનમાં પ્રવેશ કરવો. બાબરાદેવાની કથા એ 'માણસાઈના દીવા' નું પ્રવેશ દ્વાર છે.

લોકસેવાના ક્ષેત્રે એમણે ઇ.સ. ૧૯૧૧માં પ્રથમ પગરણ માંડેલા. ઇ. સ. ૧૯૧૧માં વડોદરામાં તેઓશ્રી ફતેસિંહરાવ અનાથાશ્રમમાં બે ત્રણ બાળકોણે દાખલ કરાવવા ગયા ત્યારે ત્યાના વડાએ રવિશંકરણે ફાળો ઉઘરાવવા કહ્યું ત્યારે એ કામ એમના માટે એકદમ નવું હોવા છતાં પણ એમણે એ કામ માથે ઉપાડી લીધું. ઘેર-

Saarth E-Journal of Research

ISSN NO: 2395-339X

ઘેર ફરીને તેમણે આશ્રમ માટે ઠીક ઠીક રકમ એકઠી કરી. ત્યાર પછી તેઓ આવા જ કામોમાં પોતાને વ્યસ્ત રાખવા માંડ્યા.

ઇ. સ. ૧૯૨૨ માં એમને પ્રથમવાર જ્યારે બહારવટિયાનો ભેટો થઈ ગયો ત્યારે મહારાજ તો આમ પણ નિર્ભયતાની મુર્તિ ! એમણે  તો બહારવટિયાઓને સુધારવાની પ્રવૃત્તિઓ કરી. આથી જ તો ઝવેરચંદ મેઘાણીએ એમને 'માણસાઈના દીવા' કહ્યા હતા. આમ, આ રીતે મહારાજે માનવ જીવનની તમામ કુદરતી કે કૃત્રિમ આફતોમાં ખૂબ જ મદદરૂપ થયા પછી તે ભલે કોઈ રોગચાળો ફાટી નીકળ્યો હોય કે દુષ્કાળ જેવી વિષમ પરિસ્થિતી સર્જાણી હોય કે પછી ઇ. સ. ૧૯૪૧ અને ૧૯૪૬ના અમદાવાદનાં હુલ્લડમાં તેઓ હમેશ માટે દરેક પરિસ્થિતિમાં નિર્ભયતાથી આગળ જ રહ્યા હતા.

**સમાપન**

આવા તો અનેક પ્રસંગો મહારાજના જીવનમાંથી જડી આવશે. આ બધાં જ પ્રસંગોએ મહારાજની માનવતા, એમની અપાર હીંમતના, એમની અજોડ સેવાવૃત્તિના દર્શન થાય છે. આમ, છતાય મહારાજે કદી પોતાના કામોનો ઢંઢેરો પિટ્યો નથી. મૂંગા મૂંગા સેવા કરવી એ જ એમનો જીવનધર્મ હતો. આથી જ તો એમને સૌ 'મૂકસેવક' તરીકે ઓળખે છે. સોમું વર્ષ ચાલતું હતું ત્યારે મહારાજનો સ્વર્ગવાસ થયો.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

**સંદર્ભ સૂચિ**

૧. માણસાઈના દીવા- ઝવેરચંદ મેઘાણી

૨. પ. પૂ. રવિશંકર મહારાજ webGurjari. ૧ મે ૨૦૧૪.

3. Handbook of Twentieth-century Literatures of India. Greenwood Publishing Group. ૧૯૯૬. P. ૧૧૪. Isbn ૯૭૮-0313-૨૮૭૭૮-૭